| GJPM010014442026 | કેસ રજુ તારીખ: | ૨૪–૦૪–૨૦૨૬ | |
|---|---|---|---|
| | કેસ નોધ્યા તારીખ : | ૨૪–૦૪–૨૦૨૬ | |
| | કેસ ફેંસલ કર્યા તારીખ: | ૦૭–૦૮–૨૦૨૬ | |
| | સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | | | ૩ | ૧૩ |

**Exh.- 30**

**પંચમહાલ જિલ્લાનાં મે. સ્પે.કોર્ટ(પોકસો) અને બીજા એડીશનલ સેશન્સ કોર્ટ સમક્ષ, મુ.ગોધરા,જિ.પંચમહાલ.**

**જજમેન્ટ તારીખ : ૭/૮/૨૦૨૬**

**સ્પે. કેસ (પોકસો) નં. ૧૩/ ૨૦૨૬**

શહેરા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૭૦૬૧૨૬૦૧૨૬/૨૦૨૬

ભારતીય ન્યાય સંહિતાની કલમ ૭૫(૨), ૭૬ તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ–૧૦,૧૨ મુજબ.

| | |
|---|---|
| Complainant | ગુજરાત રાજય |
| Represented by | વિ.એ.પી.પી. શ્રી એમ.કે.દેશમુખ |
| Accused | પ્રતાપભાઇ ભેમાભાઇ ડામોર<br>ઉ.વ.–૪૩, ધંધો– નોકરી,<br>રહે. લુણાવાડા, મહી સોસાયટી, તા. લુણાવાડા<br>મુળ રહે. અમથાણી, તા. કડાણા, જિ.મહીસાગર |
| Represented by | આરોપીના વિ.વકીલ શ્રી એ.આર.સોલંકી |

| | |
|---|---|
| Date of Offence | 24-02-2026 |
| Date of FIR | 24-02-2026 |
| Date of Charge sheet | 24-04-2026 |
| Date of Framing of Charges | 11-05-2025 |
| Date of commencement of evidence | 06-07-2026 |
| Date on which Judgment is reserved | 07-08-2026 |
| Date of the Judgment | 07-08-2026 |

| | |
|---|---|
| Date of the Sentencing Order, if any | -- |

## Accused Details

| Rank of the Accused | Name of Accused | Date of Arrest | Date of Released on Bail | Offence charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Undergone during Trial for purpose of section 428, Cr.PC |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | પ્રતાપભાઇ ભેમાભાઇ ડામોર | ૨૫/૨/૨૬ | ૩૦/૬/૨૬ | બી.એન.એસ.ની કલમ ૭૫(૨),૭૬ તથા પોકસો એકટની કલમ– ૧૦,૧૨ મુજબ | નિર્દોષ | – | – |

## :: ચુકાદો ::

**૧.** ધી પોકસો એકટની જોગવાઈઓ તથા નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંતને લક્ષમાં રાખી આ ચુકાદામાં ભોગબનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી અને તેના નામની જગ્યાએ ' ભોગબનનાર ' તરીકે ઉલ્લેખ કરેલ છે અને ભોગબનનારના સગાવહાલાના નામના સ્થાને ભોગબનનારના સંદર્ભમાં તેમનું સગપણ દર્શાવી તેમનો ઉલ્લેખ કરેલ છે.

**૨.** આરોપી ભારતીય ન્યાય સંહિતાની કલમ ૭૫(૨), ૭૬ તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસુઅલ ઓફેન્સ એકટની (જેનો હવે પછી ''પોકસો એકટ'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ – ૧૦,૧૨ મુજબ શિક્ષાપાત્ર ગુનામાં ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરી રહેલા છે.

**૩.** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૪/૨/૨૬ ના કલાક ૧૫–૦૦ વાગે મોજે અણીયાદ મુખ્ય શાળાના વર્ગ–૫ ના ખંડમાં આરોપીએ ફરીયાદીની દીકરી ભોગબનનાર ઉ.વ.–૧૦ નાનીને શાળામાં અભ્યાસ કરતી હોય શાળાના વર્ગ શિક્ષકે ભોગબનનારને જબરજસ્તી થી પકડી ખેંચી તુ

મારા ખોળામાં બેસ તેમ કહી પકડી ખેંચતાણ કરતા છોકરી છુટવા જતા પહેરેલ ફ્રોક ખેચી ફ્રોક ફાડી શારીરીક અડપલા કરી ગુનો કરેલ છે.

૪. ભોગબનનારના દાદાએ શહેરા પોલીસ સ્ટેશનના સત્તાધિકારી સમક્ષ આ ગુનાની જાહેરાત કરતાં સત્તાધિકારીએ શહેરા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૭૦૬૧૨૬૦૧૨૬/૨૦૨૬ થી આરોપી સામે ગુનો નોંધેલો અને તપાસનીશ અધિકારીએ આ ગુનાની તપાસના અંતે હાલના આરોપી સામે સ્પેશ્યલ કોર્ટ, ગોધરામાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૭૫(૨), ૭૬ તથા પોકસો એકટની કલમ ૧૦,૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જેશીટ રજુ કરેલું.

૫. આરોપી હાજર થતા તપાસના કાગળોની નકલો આપી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૪૯ અન્વયે બંને પક્ષને સાંભળી આંક–૬ થી આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૭૫(૨), ૭૬ તથા પોકસો એકટની કલમ ૧૦,૧૨ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવી, વાંચી, સંભળાવી, સમજાવતાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલો અને તે મતલબની આરોપીની પ્લી યાને નિવેદન આંક–૭ થી નોંધવામાં આવેલ અને સદર કેસ ફરીયાદ પક્ષના પુરાવો રજુ કરવા માટે રાખવામાં આવેલો.

૬. ફરીયાદ પક્ષે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

## LIST OF PROSECUTION WITNESS

| Rank | Exhibit | Name | Nature of evidence |
|---|---|---|---|
| PW-1 | ૯ | પ્રિયકાન્તસિંહ બાબુભાઇ સોલંકી | ત.ક.મંત્રી |
| PW-2 | ૧૨ | ભોગબનનારના દાદા | ફરીયાદી |
| PW-3 | ૧૪ | ભોગબનનાર | ભોગબનનાર |
| PW-4 | ૧૬ | ભોગબનનારના દાદી | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| PW-5 | ૧૯ | હસમુખભાઇ વીરાભાઇ સીસારા | ત.ક.અ. |

## LIST OF PROSECUTION EXHIBITS

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1 | Ex-10/PW-1 | જન્મ રજીસ્ટરની ખરી નકલ |
| 2 | Ex-11/PW-1 | ભોગબનનારના જન્મના પ્રમાણપત્રની નકલ |
| 3 | Ex-13/PW-2 | ફરીયાદ |
| 4 | Ex-15/PW-3 | ભોગબનનારનુ બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનુ નિવેદન |
| 5 | Ex-17 | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| 6 | Ex-18 | ભોગબનનારના કપડા કબજે કર્યાનું પંચનામું |
| 7 | Ex-20/PW-5 | સુચિપત્ર |
| 8 | Ex-21/PW-5 | આરોપીની નોકરી અંગેના કાગળો |
| 9 | Ex-22/PW-5 | ભોગબનનારનુ નિવેદન લઇ મોકલેલ પત્ર તથા નિવેદન |
| 10 | Ex-23/PW-5 | પંચોની ફાળવણી અંગેનો હુકમ તથા યાદી |
| 11 | Ex-24/PW-5 | આરોપીની મેડીકલ તપાસણી અંગેની યાદી |
| 12 | Ex-25/PW-5 | બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનુ નિવેદન લેવડાવવા કરેલ યાદી |
| 13 | Ex-26/PW-5 | આરોપીને અટક કર્યા અંગેના પત્ર |
| 14 | Ex-27/PW-5 | આરોપી કેટલા સમય થી કસ્ટડીમા છે તે અંગેની માહીતી મેળવવા લખેલ પત્ર |
| 15 | Ex-28/PW-5 | કલમ ઉમેરાનો રીપોર્ટ |

**Material Objects:**

| Sr. No. | Material Obj. No. | Description |
|---|---|---|
| 1 | MO-1 | એક સફેદ વાદળી કલરનુ ફ્રોક |

૭. ફરીયાદ પક્ષે આ સિવાય અન્ય કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને તેઓ વધુ કોઇ પુરાવો રજુ કરવા માંગતા ના હોવાનું આંક–૨૯ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી જાહેર કરેલ છે.

૮. ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૩૫૧ અન્વયે આરોપીના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરીયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરી મુખ્યત્વે નકારાત્મક બચાવ લીધેલ છે અને તેમને બચાવના સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમ જણાવી વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, ખોટી રીતે તેમની સામે કેસ ઉભો કરવામા આવેલ હોવાનુ જણાવેલ છે.

૯. આરોપી પક્ષે કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. કોર્ટના સાક્ષી તરીકે કોઇ વ્યકિતને તપાસેલા નથી.

૧૦. ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રી એમ.કે.દેશમુખ તથા બચાવ પક્ષ તરફે વિ.વકીલ શ્રી એ.આર.સોલંકીને સાંભળ્યા.

૧૧. ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રી ની રજુઆત છે કે, આ કામના આરોપીએ ભોગબનનાર સગીર વયની હોવાનુ જાણતા હોવા છતાં ભોગબનનારને શારીરીક શોષણ કરવાના ઈરાદે તેણીનો હાથ પકડીને ખોળામાં બેસવા જણાવતા ભોગબનનાર ખોળામાં ના બેસતા ભોગબનનારનું ફ્રોક ખેંચી ફાડી નાખી ગુનો કરેલ હોવાનુ થયેલ ફરીયાદ આધારે હાલનુ ચાર્જશીટ કરવામાં આવેલ છે. વધુમાં ફરીયાદ પક્ષે રજુઆત છે કે, ફરીયાદ પક્ષે ભોગબનનાર સગીર વયના હોવાનુ પુરવાર કરવા માટે ત.ક.મંત્રી શ્રી ને તપાસવામા આવેલ છે અને તેઓએ રજુ કરેલ પુરાવો તથા દસ્તાવેજી પુરાવા આધારે બનાવ સમયે ભોગબનનાર સગીર વયના હોવાનુ સ્પષ્ટપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ રહેલ છે. ભોગબનનારે બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબના નિવેદનમાં ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરતી હકીકત લખાવેલી છે. જેથી ભોગબનનારના નિવેદન થી ફરીયાદ પક્ષનો કેસ પુરવાર થાય છે. તે સંજોગોમા આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામા ફરીયાદ પક્ષ સફળ રહેલ હોય જેથી, આ

કામના આરોપીને કાયદામા મુકરર કરેલ મહતમ સજા કરવા વિનંતી કરેલ છે.

**૧૨.** બચાવ પક્ષના વિ.વકીલ શ્રી ની રજુઆત છે કે, આ કામે ફરીયાદ પક્ષે ભોગબનનાર તથા તેણીના દાદા–દાદી જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા નથી. ભોગબનનારને આરોપીએ હાથ પકડેલ હોય કે ખોળામા બેસવાનુ જણાવેલ હોય કે ભોગબનનારનુ ફ્રોક ફાડઠી નાખેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલી નથી. વધુમા તેમની દલીલ છે કે, ભોગબનનારના દાદા –દાદી બનાવના નજરે જોનાર સાહેદ નથી અને તેથી તેમની જુબાનીના આધારે ફરીયાદ પક્ષનો કેસ પુરવાર થતો નથી. તે સંજોગોમાં આ કામના આરોપી વિરૂધ્ધ ફરીયાદ પક્ષ નિ:શંકપણે કેસ પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

**૧૩.** સદરહું કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**–:: મુદ્દા ::–**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવ તા. ૨૪/૨/૨૬ ના રોજ ભોગબનનાર સગીર વયના હતા ?

(૨) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૨૪/૨/૨૦૨૬ ના રોજ બપોરના ત્રણેક વાગ્યાના સુમારે અણીયાદ મુખ્ય પ્રાથમિક શાળાના વર્ગમાં ભોગબનનાર ઉ.વ.–૧૦ વર્ષ નાનીને હાથ પકડીને ખોળામાં બેસવા જણાવતા ભોગબનનાર ખોળામાં ના બેસતા ભોગબનનારનું ફ્રોક ખેચી ફાડી નાંખી ભારતીય ન્યાય સંહીતાની કલમ ૭૫(૨), ૭૬ તથા પોકસો એકટની કલમ ૧૦, ૧૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૩) શું હુકમ ?

**૧૪.** ઉપરોકત મુદ્દા પરત્વેના નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) નકારમાં

(૩) આખરી હુકમ મુજબ.

**-:: કારણો ::-**

**મુદ્દા નં. ૧ ની ચર્ચા :-**

**૧૫.** આરોપી સામે પોકસો એકટની જોગવાઇઓ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે તે સંજોગોમાં બનાવ સમયે ભોગબનનાર સગીર વયના હોવાનું પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવો ધ્યાને લેતાં આ કામે ફરીયાદ પક્ષે સાહેદ નં. ૧ ત.ક.મંત્રી, પ્રિયકાન્તસિંહ બાબુભાઇ સોલંકીને આંક-૯ થી તપાસેલ છે. જેઓની જુબાની ધ્યાને લેતાં તેઓના ગ્રામ પંચાયતના જન્મ રજીસ્ટરમાં સને-૨૦૧૫ મા અનુક્રમ નં.૫૧ ઉપર ભોગબનનારની જન્મની નોંધ કરેલી છે. જેમા ભોગબનનારની જન્મ તા. ૬/૯/૨૦૧૫ દર્શાવવામા આવેલ છે. સદર સાહેદે આંક-૧૦ અને ૧૧ થી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. બચાવ પક્ષ તરફે થયેલી ઉલટતપાસ ધ્યાને લેતાં બચાવ પક્ષને મદદરૂપ થાય તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. તે સંજોગોમાં ઉપરોકત સાહેદની જુબાનીને ન માનવાને કોઇ કારણ જણાતુ નથી અને તેથી ભોગબનનારની જન્મ તા. ૬/૯/૧૫ હોવાની હકીકત પુરવાર થાય છે. વધુમા આ કામે ફરીયાદ પક્ષના આક્ષેપ મુજબનો બનાવ તા. ૨૪/૨/૨૬ ના રોજ બનેલ છે અને ભોગબનનારની જન્મ તા. ૬/૯/૨૦૧૫ હોવાનું પુરવાર થયેલ હોય તે સંજોગોમાં બનાવના દિવસે ભોગબનનાર સગીર વયના હોવાનુ વ્યાજબી શંકારહીત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ રહેલ છે. જેથી **મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં** આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૨ ની ચર્ચા :-</u>**

**૧૬.** આરોપી સામે પોકસો એકટ મુજબ શિક્ષાપાત્ર ગુનાનું તહોમત ફરમાવવામાં આવેલ છે તે સંજોગોમાં પોકસો એકટની કલમ -૨૯ અને ૩૦ મુજબનું અનુમાન લાગુ પાડવાનું રહે છે તે સંજોગોમાં કેટલાક ચુકાદા ધ્યાને લેવા ઉચિત જણાય છે. નામદાર ગુજરાત હાઈકોર્ટે **Ajitkumar Kumarsinh Bhagora Vs. State Of Gujarat 2020 (1) GLR 27** ના ચુકાદામાં નોંધેલ છે કે,

> 44. Although a presumption under Section 29 of the POCSO Act arises and it is presumed that the accused has committed the offence for which he is charged under the said Act, unless the contrary is proved, such a presumption cannot be absolute. Therefore, there can be no doubt about the proposition that no presumption is absolute and that every presumption is rebuttable.

આમ, નામદાર વડી અદાલતે તેમના ઉપરોકત ચુકાદામાં ઠરાવ્યા મુજબ કલમ -૨૯ નું અનુમાન ખંડનાત્મક અનુમાન છે.

**૧૭.૧** નામદાર કર્ણાટક હાઈકોર્ટે તેમના **G. S. Venkatesh S/o Narayanaswamy VS State of Karnataka [2020] 0 Supreme(Kar) 68** ના ચુકાદામાં નોંધેલ છે કે,

> 38. The use of expression "unless the contrary is proved" appearing in section 29 makes it clear that the presumption raised under this section is rebuttable. <u>A rebuttable presumption can be raised only when the foundational facts constituting the offence are established by the prosecution.</u> In a criminal trial, the burden of proving everything essential to the establishment of the charge against the accused always rests on the prosecution, as every man is presumed to be innocent until the contrary is proved. In a case where an offence is committed against a child, having regard to the very nature of the offence where it is difficult for the prosecution to prove the facts and circumstances in which the offence had taken place, the Act has cast the burden on the accused to prove the facts within his knowledge as it is easier for the innocent accused to produce evidence contrary to the case proved by the prosecution. This is called reverse burden whereby the burden is shifted to the accused to disprove the facts estab-

> lished by the prosecution. The question of discharging the reverse burden by the accused would arise only when the initial burden cast on the prosecution is discharged to the satisfaction of the court. Therefore it follows that without the proof of basic facts constituting the offence charged against the accused, the accused cannot be called upon to disprove the case of the prosecution.

આમ, નામદાર વડી અદાલતે તેમના ઉપરોકત ચુકાદામાં ઠરાવેલ છે કે, ખંડનાત્મક અનુમાન ત્યારે જ અસ્તિત્વમાં આવે કે જયારે ફરીયાદ પક્ષ પાયાની હકીકતો પુરવાર કરે. વધુમાં, જયાં સુધી જે ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે તેની પાયાની હકીકતો ફરીયાદ પક્ષ ધ્વારા પુરવાર કરવામાં ના આવે ત્યાં સુધી ફરીયાદ પક્ષની તે હકીકતો નાસાબિત કરવા આરોપીને કહી શકાય નહીં.

**૧૭.૨** આમ, ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો, પોકસો એકટની કલમ –૨૯ અને ૩૦ નું અનુમાન લાગુ કરતાં પહેલા ફરીયાદ પક્ષે આરોપી સામે જે ગુનાનું તહોમત ફરમાવવામાં આવેલ છે તેની પાયાની હકીકતો પુરવાર કરવાની રહે છે.

**૧૮.** આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે રજુ કરેલ રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં. ૩ ભોગબનનારને આંક–૧૪ થી સોગંદ ઉપર તપાસેલા છે. તેણીની જુબાની ધ્યાને લેતાં બનાવ સમયે તેણી ધોરણ –૫ માં અણીયાદ પ્રા. શાળામાં અભ્યાસ કરતી હતી. તેમના વર્ગ શિક્ષક પ્રતાપ સાહેબ હતા. બનાવના દિવસે તેણી શાળાએ ગયેલ હતી અને તેમની શાળાનો સમય ૧૦ થી ૫ નો છે. બનાવમાં બપોરની રીશેષ પછી વર્ગમાં ગયેલી અને પ્રતાપ સાહેબ તેમનુ લેશન ચેક કરતા હતા અને તેણીનુ લેશન ચેક કરતા તેણી લાવેલ ન હોવાની તેણીને નીચે બેસાડી દીધેલ અને તેણીનુ ફ્રોક ખેંચતા ફ્રોક ફાટી ગયેલુ. ઘરે જઇ તેણીની માસીએ પુછતા ઉપર મુજબની હકીકત જણાવેલી અને તેમની માસીએ તેમના દાદીને બનાવની વાત કરેલી અને તેઓ પોલીસ સ્ટેશને ગયેલા અને પોલીસ

તેણીને કોર્ટમાં જવાબ આપવા લઈ ગયેલી.મુદ્દામલ ફ્રોક બતાવતા ભોગબનનારે ફ્રોક ઓળખી બતાવેલ છે અને આરોપીને પણ ઓળખી બતાવેલ છે. આ સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતાં ના હોય વિ.એ.પી.પી. દ્વારા તેમની ઉલટતપાસ કરવામાં આવેલી જેમાં ભોગબનનારે સ્વીકારેલ છે કે, તેણીએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ હતી કે, બપોરની રીશેષ પુરી થયા પછી તેણી તેમના વર્ગમા હતી ત્યારે તેમના સાહેબ પ્રતાપ ડામોર સાહેબે તેણીને જબરજસ્તી થી ખેંચી તેમના ખોળામા બેસાડતા હતા અને તેણી ના પાડતા તેમના તરફ ખેંચતા તેણીનુ પહેરેલ ફ્રોક ફાડી નાખેલું.સદર સાહેદે જુબાની દરમ્યાન આંક-૧૫ થી બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનુ નિવેદન રજુ કરેલ છે.

બચાવ પક્ષની ઉલટતપાસ જોતાં તેણીએ સ્વીકારેલ છે કે, તેણીએ પોલીસને જે ફ્રોક આપેલ તે તેણી સ્કુલમાં જે ગણવેશ પહેરે છે તે ગણવેશ છે અને તેણી શાળામાં લેશન કરીને ગયેલ ન હતી તેથી તેમના સાહેબે તેણીને લેશન કરવા માટે બેસાડતા હતા તે વખતે ફ્રોક ખેંચી નીચે બેસાડવા જતા ફ્રોક ફાટી ગયેલ હતુ અને તેણીએ આ ફ્રોક ફાટવાની વાત તેમના બીજા શિક્ષકો કે આચાર્ય સાહેબને કરેલી નહી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીના પ્રતાપ સાહેબે તેણીને જબરજસ્તી થી ખેંચી તેમના ખોળામા બેસાડવા માટે પ્રયત્ન કરતા હોય અને તેણી ના પાડતા તેમના તરફ ખેંચતા તેમનુ પહેરેલ ફ્રોક ફાડી નાખેલ હોય તેવુ બનેલ નથી અને પ્રતાપ સાહેબે તેમને સારી રીતે ભણાવે છે અને લેશન પણ આપે છે અને તેણીએ ઘરે જઇને દાદા દાદીને કંઇ વાત કરેલ નહી. વધુમા તેણીએ સ્વીકારેલ છે કે, પોલીસે તેણીની કોઇ પુછપરછ કરેલ નથી અને કોર્ટમા જે નિવેદન આપેલ તે પોલીસના કહેવા મુજબ લખાવેલ અને હાલ તેણી અગાઉ જે સ્કુલમાં ભણાતી હતી તે જ સ્કુલમાં ભણે છે.

**૧૯.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં. ૨ ભોગબનનારના દાદાને આંક-૧૨ થી તપાસવામા આવેલ છે. જેઓની જુબાની ધ્યાને લેતાં બનાવના દિવસે તેમની દીકરીની દીકરી સવારના દસેક વાગે તેમના ગામની પ્રા. શાળામાં ભણવા માટે ગયેલ અને સાંજના ઘરે ભોગબનનાર આવેલી અને તે રડતી હોવાથી તેમની પત્નીએ ભોગબનનારને પુછતા શાળાના શિક્ષકે ભોગબનનારને ગૃહકાર્ય બાબતે ઠપકો આપેલ હોવાનુ જણાવેલ. તે બાબતે તેઓને ગેરસમજ થતાં ફરીયાદ આપેલાનુ જણાવે છે અને ફરીયાદ આપ્યા બાદ શાળાના અન્ય બાળકો સાથે પુછપરછ કરતા ગેરસમજ દુર થયેલાનુ જણાવેલ છે. પુછપરછ કરેલી નહી. સદર સાહેદે જુબાની દરમ્યાન આંક-૧૩ થી ફરીયાદ રજુ કરેલ છે. આ સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતાં ના હોય વિ.એ.પી.પી. દ્ધારા તેમની ઉલટતપાસ કરવામાં આવેલી પરંતુ તેમની ઉલટતપાસમાં પણ ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત નીકળી આવતી નથી.

બચાવ પક્ષની ઉલટતપાસ જોતાં તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસ ફરીયાદ કરવા ગયા ત્યારે ગામના બીજા માણસો આવેલા હતા અને ગામના આગેવાનોએ ફરીયાદ લખાવેલી તેઓએ માત્ર તૈયાર ફરીયાદમા સહી કરેલી અને ભોગબનનાર સાથે તેઓને કોઇ વાતચીત થયેલ ન હતી.

**૨૦.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં. ૪ ભોગબનનારના દાદીને આંક-૧૬ થી તપાસવામા આવેલ છે. જેઓની જુબાની ધ્યાને લેતાં બનાવના દિવસે ભોગબનનાર તેમના ગામની પ્રા.શાળામા ધોરણ-૫ માં અભ્યાસ કરતી હતી અને તે વખતે તેમના પતિ, તેઓ તથા દીકરી તેમના ઘરે ખેતીવાડીનુ કામ કરતા હતા. સાંજે પાંચ વાગે ભોગબનનાર ઘરે આવેલી અને તેનુ ફ્રોક ફાટેલુ હતુ જેથી ભોગબનનારને તેમની બીજા નંબરની દીકરીએ પુછપરછ કરતા તેમની શાળાના વર્ગ શિક્ષકે લેશ બાબતે ઠપકો આપેલ અને લેશન કરવા માટે ફ્રોક ખેંચી બેસાડવા જતા ફ્રોક ફાટી ગયેલ તેવી વાત કરેલી. ત્યારબાદ તેઓએ આ બાબતે

શાળાના શિક્ષકને ઠપકો આપવા જતા તેઓએ સરખો જવાબ ન આપતા પોલીસે સ્ટેશને જઇ જાણ કરેલી. તેઓ આરોપીને ઓળખે છે. આ સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતાં ના હોય વિ.એ.પી.પી. દ્વારા તેમની ઉલટતપાસ કરવામાં આવેલી જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકકીત લખાવેલી કે, '' સાંજના સાડા પાંચેક વાગે મારી છોકરીની છોકરી ભોગબનનાર, ઉ.વ.–૧૦ નાની મારા ઘરે તેને પહેરેલ ફ્રોક તેની કમરે વીટાળીને આવેલી. જેથી મારી છોકરી 'આર' એ મારી તથા મારા પતિની હાજરીમાં ભોગબનનારને પુછેલ કે શું થયું તેમ પુછતા ભોગબનનારે કહેલ કે અમારી નિશાળમાં ત્રણ વાગે રીશેષ પડેલી. રીશેષ પુરી થતા અમો શાળામાં બેસતા અમારા વર્ગના પ્રતાપભાઇ ડામોર સાહેબે મને પકડી કહેલ કે, તુ મારા ખોળામાં બેસ તેમ કહેતા હું તેમના ખોળામાં બેઠેલી નહી જેથી મારૂ પહેરેલ ફ્રોક ફાટી ગયેલ જેથી હું દોડી જઇ રૂમમાં બેઠેલા બીજા બાળકો સાથે બેસી ગયેલી. ત્યારપછી શાળા છુટતા હું ઘરે આવેલી છું તેવી વાત કરતા મારા પતિએ અમારા ગામના રમણભાઇ હિંમતભાઇ રાઠોડનાઓને ફોન કરતા મે વાત કરેલી જેથી તેઓ અમારા ઘરે આવી જતા આ બાબતે શહેરા પોલીસ સ્ટેશન ખાતે આવેલા અને મારા પતિએ આ બાબતે શહેરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલ છે. ''

બચાવ પક્ષની ઉલટતપાસ જોતાં તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસે તેમની કોઇ પુછપરછ કરેલી નહી અને બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

**૨૧.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં. ૫ ત.ક.અ. હસમુખભાઇ વીરાભાઇ સીસારાને આંક–૧૯ થી તપાસવામા આવેલ છે. જેઓની જુબાની ધ્યાને લેતાં તેઓ શહેરા પો.સ્ટે.ખાતે પી.આઇ. તરીકે ફરજ બજાવતા હતા.તે અગાઉ પી.આઇ. તરીકે એ.બી.ચૌધરી ફરજ બજાવતા હતા તે દરમ્યાન તેઓએ તા. ૨૪/૨/૨૬ ના રોજ ફરીયાદીએ લખાવ્યા મુજબની ફરીયાદ લખી લીધેલી અને ફરીયાદ દાખલ થવા

પી.એસ.ઓ.ને મોકલી આપેલી. પી.આઇ.શ્રી એ.બી.ચૌધરીનાઓએ તપાસ દરમ્યાન ભોગબનનારના જન્મની ખરાઇ કરેલ અને સાહેદોના નિવેદન નોંધેલ, ભોગબનનારના બતાવ્યા મુજબનુ પંચનામું કરેલ અને પંચોની હાજરીમાં ભોગબનનારે ફ્રોક રજુ કરેલ તે કબજે લીધેલ તથા ભોગબનનારને બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનું નિવેદન લેવડાવવા તજવીજ કરેલ. પી.આઇ. શ્રી એ.બી.ચૌધરીએ આરોપીને અટક કરેલા અને તે બાબતની તેમના ઉપલી અધિકારીને જાણ કરેલી. આરોપી શિક્ષક હોય તે બાબતના દસ્તાવેજી પુરાવા તાલુકા પ્રા. શિક્ષણાધિકારીની કચેરીમાંથી મેળેલ. ત્યારબાદ તા. ૨૩/૪/૨૬ ના અરસામાં પી.આઇ. શ્રી એ.બી.ચૌધરીની બદલી થતા હાલના ગુનાની તપાસ તેઓએ સંભાળેલી. તપાસ સંભાળ્યા બાદ તપાસના કાગળો વંચાણે લીધેલ અને સાહેદોના વિશેષ નિવેદનો નોંધેલ અને આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહીતાની કલમ ૭૬ નો ઉમેરો કરવાનો રીપોર્ટ કરેલ, આરોપીને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે અને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ કરેલ. સદર સાહેદે જુબાની દરમ્યાન આંક-૨૧ થી ૨૮ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

બચાવ પક્ષે લેવામા આવેલ ઉલટતપાસમાં ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત ઉજાગર થતી નથી. તેઓએ સુચક સવાલોનો ઇન્કારમા જવાબ આપેલ છે.

**૨૨.** આમ ઉપરોકત સમગ્ર પુરાવો ધ્યાને લેતાં આ કામના સાહેદ નં. ૩ ભોગબનનારની આંક-૧૪ ની જુબાની જોતાં આરોપી તેણીને જબરજસ્તી થી ખેંચી તેમના ખોળામા બેસાડવા માટે પ્રયત્ન કરેલ હોય કે તેમની તરફ ખેંચતા તેણીનુ ફ્રોક ફાટી ગયેલ હોય તેવી કોઇ હકીકત તેમની જુબાનીમાં જણાવતા નથી. વધુમાં ભોગબનનારે વિ. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ રૂબરૂ બી. એન. એસ. એસ.ની કલમ-૧૮૩ અન્વયે લખાવેલ નિવેદન આંક-૧૫ થી રજુ થયેલ છે. પરંતુ બચાવ પક્ષે ભોગબનનારની લેવામા આવેલ ઉલટતપાસમાં ભોગબનનારે

સ્વીકારેલ છે કે, તેણીએ કોર્ટમાં જે નિવેદન આપેલ તે પોલીસના કહેવા મુજબ આપેલ હતુ. કાયદાનો એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ અન્વયે લેવામાં આવેલ નિવેદન તે નિવેદન લખાવનારને કોન્ટ્રાડીકટ કરવા અથવા તેને સમર્થનકારક પુરાવા તરીકે ઉપયોગમાં લઇ શકાય તે સિવાય અન્ય કોઇ ઉપયોગ થઇ શકતો નથી.

વધુમાં સાહેદ નં. ૨ ભોગબનનારના દાદા આંક–૧૨ ની જુબાની ધ્યાને લેતાં ભોગબનનાર દીકરીને ગૃહકાર્ય બાબતે ઠપકો આપેલ જે બાબતે તેઓને ગેરસમજ થતા તેઓએ  ફરીયાદ આપેલાનુ જણાવે છે. આ સાહેદની જુબાની જોતાં આરોપી તેમની ભોગબનનાર દીકરીને પકડીને ખોળામા બેસાડવાનુ કહેલ હોય કે તેણીનુ ખેંચતાણમાં ફ્રોક ફાડી નાખેલ હોય તેવી કોઇ હકીકત તે જણાવતાં નથી. તેમનો પુરાવો જોતાં ફરીયાદ હકીકતને કોઇપણ પ્રકારે સમર્થન કરતા નથી. તેમની ફરીયાદ પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવતાં નથી. તેમની જુબાનીથી આંક–૧૩ ની ફરીયાદ હકીકતો પુરવાર થઇ શકતી નથી.

ફરીયાદ પક્ષે સાહેદ નં. ૪ ભોગબનનારના દાદીની આંક–૧૬ ની જુબાની ધ્યાને લેતાં ધ્યાને લેતાં ભોગબનનાર દીકરીને તેણીની શાળાના વર્ગ શિક્ષકે લેશન બાબતે ઠપકો આપતા અને લેશન કરવા માટે ફ્રોક ખેંચી બેસાડવા જતા ફ્રોક ફાટી ગયેલાનુ અને આ બાબતે શિક્ષકને ઠપકો આપવા જતા તેઓએ સરખો જવાબ ન આપતા પોલીસ સ્ટેશને ગયેલાનુ જણાવે છે. આ સાહેદની જુબાની જોતાં આરોપી તેમની ભોગબનનાર દીકરીને ખોળામા બેસવા જણાવેલ હોય અને ખેંચતાણમા ફ્રોક ફાટી ગયેલ હોય તેવી કોઇ હકીકત તે જણાવતાં નથી. તેમનો પુરાવો જોતાં ફરીયાદ હકીકતને કોઇપણ પ્રકારે સમર્થન કરતા નથી. તેમની ફરીયાદ પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં તેઓએ પોલીસ રૂબરૂના નિવેદનમા લખાવેલ હકીકતનો સ્વીકાર કરેલ છે.

પરંતુ બચાવ પક્ષે લેવામા આવેલ ઉલટતપાસમાં પોલીસે તેણીની કોઇ પુછપરછ કરેલ નહી હોવાનુ અને બનાવ તેણીએ નજરે જોયેલ નહી હોવાનુ સ્વીકાર કરેલ છે. આમ, ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો આરોપીએ ભોગબનનારને પકડી ખોળામા બેસવાનુ જણાવેલ હોવાનુ કે તેણીનુ ખેંચતાણમાં ફ્રોક ફાડી નાખેલ હોય તેવો કોઇ સીધો પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી.

વધુમાં આંક–૧૭ થી ગુનાવાળી જગ્યાના પંચનામા, આંક–૧૮ થી રજુ ભોગબનનારના કપડા કબજે કર્યાનું પંચનામું આરોપી પક્ષે પુરાવામાં ગ્રાહ્ય રાખતા આંક પાડી પુરાવામાં વંચાણે લીધેલા છે. આ પંચનામા વંચાણે લેવામાં આવે તો પણ આરોપીને આ ગુનામાં સીધી રીતે સાંકળી શકાય તેવો કોઈ પુરાવો નીકળી આવતો નથી. વધુમાં સાહેદ નં. ૫ ત.ક.અ.ની જુબાની તેઓએ કરેલ કાર્યવાહીને અનુસાર પુરાવો આપેલ છે. આમ, આ સાહેદની જુબાની જોતાં તેમને આ ગુનાની તપાસ કરેલી છે અને તેમની તપાસમાં આરોપીને આ ગુનામાં સાંકળી શકાય તેવો કોઇ સીધો પુરાવો નીકળી આવેલો નથી. આમ, આરોપી સામે ફરમાવેલ તહોમત મુજબ આરોપીએ ભોગબનનારને હાથ પકડીને ખોળામાં બેસવા જણાવતા ભોગબનનાર ખોળામાં ના બેસતા ભોગબનનારનું ફ્રોક ખેચી ફાડી નાંખેલ હોવાની પાયાની હકીકતો ફરીયાદ પક્ષ યોગ્ય રીતે પુરવાર કરી શકેલ નથી અને તેથી પોકસો એકટની કલમ –૨૯ અને કલમ –૩૦ નું અનુમાન અમલમાં આવતું નથી.

આમ ઉપરોકત સમગ્ર પુરાવો જોવામાં આવે તો, આરોપીએ ભોગબનનારને હાથ પકડીને ખોળામા બેસવા જણાવતા ભોગબનનારે ખોળામાં ના બેસતા ભોગબનનારનું ફ્રોક ખેંચી ફાડી નાંખેલ હોવાનુ પુરવાર થઇ શકતું નથી. જેથી આરોપી વિરૂધ્ધ ફરમાવેલ તહોમતનામું વ્યાજબી શંકા રહિત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોવાનું સ્પષ્ટપણે જણાઇ આવે છે.

વધુમાં ફરીયાદ પક્ષે સાહેદ નં. ૧ ત.ક.મંત્રી, પ્રિયકાન્તસિંહ બાબુભાઇ સોલંકીની આંક-૯ ની જુબાનીમાં ભોગબનનારની જન્મ તા. ૬/૯/૨૦૧૫ નોંધવવામાં આવેલી હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. પરંતુ, ફરીયાદ પક્ષ આરોપી ભોગબનનારને હાથ પકડી ખોળામા બેસવા જણાવેલ હોય અને ભોગબનનારે ના પાડતા ભોગબનનારનું ફ્રોક ખેંચી ફાડી નાખેલ હોવાનું પુરવાર કરી શકતો ના હોય જેથી ઉપરોકત સમગ્ર પુરાવો ધ્યાને લેતા તથા ઉપરોકત ટાંકેલ નામદાર ઉપલી અદાલતોના ચુકાદા વંચાણે લેતા, ફરીયાદ પક્ષ પોતાનો કેસ સ્પષ્ટ અને નકકર પુરાવાથી વ્યાજબી શંકા રહિત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ, મુદ્દા **નંબર- ૨** નો ઉત્તર **નકારમાં** આપી **મુદ્દા નંબર-૩** અન્વયે છેવટનો હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## -:: <u>આખરી હુકમ</u> ::-

**(૧)** આ કેસના આરોપી પ્રતાપભાઈ ભેમાભાઈ ડામોર,રહે. લુણાવાડા, મહી સોસાયટી, તા. લુણાવાડાનાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૨૫૮(૧) અન્વયે તેમની સામેના ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૭૫(૨), ૭૬ તથા પોકસો એકટની કલમ-૧૦,૧૨ મુજબના શિક્ષાને પાત્ર ગુના ના-સાબિત માની નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૧ અન્વયે હુકમ કરવામાં આવે છે કે, આ ચૂકાદા સામે અપીલ/ રીવીઝનનો પ્રસંગ ઉપસ્થિત થાય તો તે સંબંધે આરોપીની હાજરી ઉપલબ્ધ થાય તે માટે આરોપીએ રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) પુરાવામાં સધ્ધર સ્થાવર મિલકત ધરાવતા જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા અને આરોપીએ આપેલ આ જામીનખત તથા જાત

મુચરકા આ હુકમથી ૦૬ માસ સુધી અસ્તિત્વમાં રહેશે.

(૩) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ **તા:૭, માહે:ઓગષ્ટ, સને : ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૭/૮/૨૦૨૬.
ગોધરા.

( બીપીન કે. બારોટ )
જીજે–૦૦૫૬૬
સ્પેશ્યલ જજ (પોકસો)અને
બીજા એડી.સેશન્સ જજ,
પંચમહાલ, મુ.ગોધરા.

(આર.એ.શર્મા)